Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૭ ( ચાલુ ), વીર સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮ આસો

મનુષ્ય જાતએ જીવન સંસ્કારી બનાવવાના અનેક અખતરાઓ કર્યા છે, અને હજીયે કરે છે. હવે આખી મનુષ્યજાતિનો વિચાર કરી બધે ફેલાયેલી અબુદ્ધિનો પ્રથમ નાશ કરવો જોઇએ. જીવનમાં અદ્યતન શાસ્ત્રીયતા આણવી જોઇએ. ધાર્મિક સંસ્કરણ સાધી સર્વ ધર્મોનો સમન્વય સિદ્ધ કરવો જોઇએ. તમામ રાજકીય હાડમારીઓ દૂર કરી કેળવણીના જોરે આદર્શ સામાજિક વ્યવસ્થા અને ઇષ્ટતમ આર્થિક સંગઠન સાધવાં જોઇએ. અને સર્વોચ્ચ સાંસ્કારિતા કાયદાના કે વિવેકના જોરે ન ચલાવતાં લોકોના જીવનમાં જ એ સ્વાભાવિક થાય તેમ કરવું જોઈએ.

—કાકા કાલેલકર

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

પુસ્તક : ૬૯ ] ઓકટોબર : ૧૯૭૨ [ અંક : ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ....નુ....ક્ર....મ....ણિ....કા....


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | માનવતાનો મહાન સંદેશ | .... પં. શ્રી ભુવનવિજયજી મહારાજ | ૨૨૭ |
| ૨ | નારી અને નારાયણ | .... લે. મનસુખલાલ તા. મહેતા | ૨૨૯ |
| ૩ | ગુજરાતી જૈન ભક્તિ સાહિત્ય પૂજાઓ અને પૂજનવિધિ | .... હીરાલાલ ર. કાપડીયા | ૨૩૩ |
| ૪ | જૈન સમાચાર | .... — | ૨૩૭ |


આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રી વિજયભાઈ મણિલાલ ગાંધી—મુંબઈ


**ન્યાયશાસ્ત્રના અભ્યાસીઓ માટે અતિ આવશ્યક અને જ્ઞાનશાળાઓ યુનિવર્સિટીઓ, પુસ્તકાલયો, જૈન ભંડારો વગેરેએ ખાસ વસાવવા યોગ્ય**

જેમને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે अनुमल्लवादिनं तार्किका કહીને બિરદાવેલા છે તે તાર્કિકશિરોમણિ વાદિપ્રભાવક આચાર્ય પ્રવર શ્રી મલ્લવાદી પ્રણીત—

આચાર્ય શ્રી સિંહસૂરી ગણિવાદી ક્ષમાશ્રમણ વિરચિત ન્યાયાગમાનુસારિણી વૃત્તિસહિત.

પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધસૂરીશ્વરજીના પ્રશિષ્ય પૂજ્યપાદ મુનિ મહારાજ શ્રી ભુવનવિજયજીના અંતેવાસી ભારતીય સમગ્ર દર્શનશાસ્ત્રોના તલસ્પર્શી જ્ઞાતા વિદ્વાન મુનિ શ્રી જંબૂવિજયજી સંપાદિત—

# द्वादशारं नयचक्रम्

**प्रथमो विभागः**

કિંમત રૂ. ૪૦) ચાલીશ, ટપાલ ખર્ચ અલગ

**લખો—જૈન આત્માનંદ સભા—ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૯ ] વિ. સં. ૨૦૨૮ આસો ∴ ઈ. સ. ૧૯૭૨ ઓકટોબર [ અંક : ૧૨

# માનવતાનો મહાન સંદેશ

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં મહાવીર ભગવાને મોક્ષના ચાર પરમ અંગ અતિદુર્લભ કહ્યા છે. ચાર પરમ અંગમાં પહેલું અંગ મનુષ્ય ભવ છે, મનુષ્ય ભવ મળ્યા પછી પણ મનુષ્યત્વની પ્રાપ્તિ દુર્લભ છે. માણસાઈનેજ મનુષ્યત્વ કહેવામાં આવે છે, માણસાઈનું સ્થાન આજે મોટે ભાગે સાણસાઈએ જ લીધું છે. એક એકને ફસાવવાની વાત તેને સાણસાઈ કહેવામાં આવે છે. દરિયામાં જેમ મત્સ્યગળાગલ ન્યાય ચાલતો હોય છે તેમ દુનિયામાં આજે મનુષ્યગળાગલ ન્યાય ચાલી રહેલ છે મંદબુદ્ધિવાળા મનુષ્યોને બુદ્ધિશાળી મનુષ્યો છેતરતા હોય છે. શક્તિહીનને શક્તિશાળી દબાવતા હોય છે. બસ આનેજ મનુષ્યગળાગલ ન્યાય કહેવામાં આવે છે. આજે ઘણા માણસો દુકાનની આગળ પ્રમાણિકતા એ અમારે મુદ્રાલેખ છે એ રીતનાં બોર્ડ લગાવે છે. પણ બોર્ડ લગાડવા માત્રથી શું વળે ? પ્રમાણિકતાથી વર્તવું પણ જોઈએ. આજે મોટા ભાગના મનુષ્યોની ફરિયાદ છે કે, નીતિથી વર્તવા જઈએ તો પેટ ન ભરી શકાય પણ તે મિથ્યા માન્યતા છે. નીતિથી પેટ જરૂર ભરી શકાય છે પણ પેટી–પટારા ન ભરી શકાય, આજે શ્રીમંતો કે સામાન્ય સ્થિતિના માણસો કોઈ સુખી નથી. મિલ માલિકો સુખી નથી અને મજૂરો પણ સુખી નથી તેનું મુખ્ય કારણ એ જ છે કે સૌમાં સંગ્રહવૃત્તિ છે જો સાચી ત્યાગવૃત્તિ જીવનમાં આવે તો જગત આખું સુખી બની જાય. સંપત્તિના ચોથા ભાગનો દરેક સુખી ગૃહસ્થોએ સ્વેચ્છાથી સન્માર્ગે વ્યય કરવો જોઈએ. તેવી શાસ્ત્રોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજ્ઞા છે. અરે, સુખી ગૃહસ્થો સંપત્તિના આઠમા ભાગનો પણ જનકલ્યાણનાં કાર્યોમાં વ્યય કરે તો દુનિયાના સામાન્ય સ્થિતિના માણસોને અન્ન અને વસ્ત્રની તંગી ન રહે. પણ તમે તો ભેગું જ કરે રાખો છો. પણ ધ્યાન રાખજો. ભેગું કરેલું ધન અંતે તો તમને જ ભરખી જવાનું છે. સમજીને સ્વેચ્છાથી ત્યાગ કરો તો જીવનમાં અનુપમ આનંદ લૂંટી શકાય, બાકી સમજીને નહીં મૂકો તો અંતે યમરાજ એક ધડાકે બધું જ મૂકાવી દેશે, અને સરકાર તો અત્યારે ઓકાવીજ રહી છે. તમને અમે સમજાવીને મૂકાવનારા ઠીક ન લાગ્યા એટલે ઓકાવનાર ભેટી ગયા છે. જેઓ સમજીને વાપરતા હોય તેઓ ધન્યવાદને પાત્ર છે અને તેવા વાપરનારા પણ આજે ઘણા છે. પરિગ્રહવાદ એજ અંતે સામ્યવાદને નોતરનાર છે. શ્રીમંતોના દિલમાંથી જ્યારે અધ્યાત્મવાદ દાનવાદ વિદાય લે છે ત્યારે ગરીબોના દિલમાં સામ્યવાદ ફેલાય છે શ્રીમંતો દાનવાદમાં સમજી જાય તો દેશમાંથી સામ્યવાદ આજે વિદાય થઈ જાય, દાનની પાછળનું ધ્યેય કર્તવ્ય પાલનનું હોવું જોઈએ કીર્તિનું હોવું ન જોઈએ. શ્રી ભર્તૃહરિ 'નીતિશતક'માં કહે છે કે, સાહિત્ય-સંગીત અને કળા વગરના મનુષ્યો સાક્ષાત્ શિંગડાં અને પૂંછડાં વગરનાં પશુ છે, છતાં પશુઓનું અહોભાગ્ય છે કે, તેવાં શિંગડાં અને પૂંછડાં વગરનાં પશુઓ ખડ ખાતાં નથી. જો તે ખડ ખાતાં થઈ જાય તો ખડમાં પણ કાળાબજાર થાય અને પશુ બિચારાં ભૂખે મરે. બધી કળાઓમાં શ્રેષ્ઠ ધર્મકળા છે ધર્મકળા વગરની જો બાકીની કળા હોય તો તે ચંદ્રિકા વગરની ચંદ્રકળા જેવી છે. વેપાર વાણિજ્ય વગેરેની કળા સાથે જો ધર્મકળા હોય તો બીજી બધીયે કળાની સમતુલા જળવાય છે, ભર્તૃહરિએ સાહિત્ય સંગીત અને ધર્મકળા વગરના મનુષ્યોને સાક્ષાત પશુ સમાન કહ્યા છે, એકલા પોતાના સ્વાર્થ સામે જ જોનારા અને જીવનમાં પરમાર્થનો લેશ પણ વિચાર નહીં રાખનારા મનુષ્યોના જીવનમાં માનવતાનો મૃત્યઘંટ વાગી જાય છે, અને તેવા માનવો પૃથ્વીને પણ ભાર રૂપ છે. જગતમાં ગ્રંથ અને પંથ ઘણા છે. પણ દરેક ગ્રંથ અને પંથવાળાએ એ વાત એકી અવાજે કહી છે કે સામાને સુખ આપવાથી સુખ પ્રાપ્ત થાય છે અને બીજાને દુઃખ આપવ થી બદલામાં દુઃખ પ્રાપ્ત થાય છે. તમે શાતા ઈચ્છતા હો તો બીજાને ભવોભવમાં શાતા પમાડજો. પોતાને માટે શાતાની ગવેષણા કરનારા જો બીજાને અશાતા ઉત્પન્ન કરતા હોય તો તેવા કોઈપણ ભવે ઠરવાના નથી. મહાપુરુષો બે હાથ ઉંચા કરીને કહે છે કે 'હે મનુષ્યો! તમે ધર્મનું સર્વસ્વ સાંભળો અને સાંભળીને હૃદયમાં ધારણ કરી રાખજો કે જે કાંઈ તમારા આત્માને પ્રતિકૂળ હોય તે બીજા કોઈપણ આત્મા પ્રતિ આચરવું નહીં હિંસા-નિંદા, કુથળી એ આપણા પોતાના આત્માને પ્રતિકૂળ છે, માટે બીજા આત્મા પ્રતિ તે તે વસ્તુ નહિ આચરવી જોઈએ.'

—પં. શ્રી ભુવનવિજયજી મહારાજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નારી અને નારાયણ

લે. મનસુખલાલ તા. મહેતા

પૃથ્વીપુર નગરમાં શ્રીદત્ત નામે બાર વ્રતધારી એક શ્રાવક રહેતો હતો. તેને ધર્મનિષ્ઠ, ચતુર અને તીવ્ર બુદ્ધિશાળી એવી શ્રીમતી નામે પત્ની હતી. પતિ પત્ની બધી વાતે સુખી અને સંતોષી હતા. એક દિવસે બહાર ગામથી પૃથ્વીપુર નગરમાં કોઈને ત્યાં આવેલ શ્રીમતીની ગોપી નામની એક પ્રિયસખી તેને મળવા આવી, ત્યારે શ્રીદત્ત પણ ઘરમાં હતો. ગોપી યુવાન અને રૂપાળી હતી અને પુરુષને આકર્ષવાની તેનામાં અજબ શક્તિ હતી. તેના શૃંગાર યુક્ત દેખાવ અને હાવભાવથી શ્રીદત્તનું મન તેની પ્રત્યે અત્યંત અનુરાગી થયું. વ્રતો ગ્રહણ કર્યા પછી પણ જ્યાં સુધી મન અને પ્રાણ કાબૂમાં નથી આવતાં, ત્યાં સુધી સાનુકૂળ પ્રસંગો પ્રાપ્ત થતાં ઇન્દ્રિયો ઉદ્દીપન થયા વિના નથી રહેતી.

શ્રીદત્તે શરૂશરૂમાં તો ગોપીને ભૂલી જવા પ્રયત્ન કર્યો કારણ કે વ્રતથી તે બંધાયેલો હતો. સ્વદારા સંતોષ વ્રતધારીને પરસ્ત્રી સંબંધે વિચાર કરવો એ પણ એક પ્રકારનું પાપ છે, તેથી તેવા દુરાચારથી દૂર રહેવા તેણે સંકલ્પ કર્યો. પણ એવા સંકલ્પ પર તેનો કાબૂ ન રહ્યો અને મનમાં મૂઝાવા લાગ્યો. ભૂખ અને ઉંઘ પર તેના આવા વિચારોની અસર થઈ અને શ્રીમતીને થયું કે શ્રીદત્ત કોઈ મુશ્કેલીમાં આવી પડ્યો છે, પણ પોતાનાથી વાત ગોપવે છે. શ્રીદત્ત ગોપી પ્રત્યે ભારે અનુરાગી બન્યો છે એની વાત શ્રીમતીને સ્વમુખે તો કઈ રીતે કહી શકે? આ તો ન કહી શકે, ન સહી શકે એવી વાત બની ગઈ.

શ્રીમતીએ એક રાતે પતિની પાસે પોતાની શંકા રજૂ કરતાં કરુણાર્દ્ર ભાવે કહ્યું: 'હું તો તમારું અર્ધું અંગ છું, છતાં કેટલાક દિવસોથી જોઈ રહી છું કે તમે મારાથી કોઈ વાત છૂપાવી રહ્યાં છો અને એ વાતે તમારા હૃદય પર ભારે બૂરી અસર કરી છે. હું જોઉં છું કે તમે પૂરું ખાતાં નથી અને રાતે ઉંઘ પણ લઈ શકતા નથી. પતિ પત્ની વચ્ચે વળી એક બીજાથી ખાનગી રાખવા જેવું શું હોય?

શ્રીદત્તે ભારે વિષણ્ણ હૈયે કહ્યું: 'શ્રીમતી! તારી વાત તો સાચી છે, પણ હું એવો કમનશીબ છું કે જે દુઃખ અને વેદના હું ભોગવી રહ્યો છું તે વિષે તને કહેતાં મને અત્યંત ક્ષોભ, શરમ અને અને સંકોચ થાય છે.' શ્રીમતીએ આજીજી પૂર્વક કહ્યું: 'આ વાત તમે મને સ્પષ્ટ રીતે ન કહી શકો તો તેના અંગે થોડો ઈશારો કરવાથી પણ મને ખ્યાલ આવી જશે. વળી પુરુષના મનમાં એવી તે કઈ વાત હોઈ શકે કે જે પત્નીને કહેતાં પણ સંકોચ થાય?'

શ્રીદત્તે આમ છતાં સ્પષ્ટ રીતે વાત ન કરતાં આડકતરી રીતે કહ્યું: 'થોડા દિવસો પહેલાં લાંબા સમયથી એક સતત માંદી રહેતી સ્ત્રીનો કિસ્સો કહેતાં તેં કહ્યું હતું, કે એ માંદી સ્ત્રીએ પોતાના પતિની કામેચ્છા અતૃપ્ત રહેવા ન પામે એ હેતુ પૂર્વક, તેની કોઈ પ્રિય સખી સાથે પ્રબંધ કરાવી આપવા પ્રયત્ન કર્યો હતો.'

આછા સ્મિત પૂર્વક શ્રીમતીએ કહ્યું: 'એ કિસ્સાનો ઉત્તરાર્ધ મેં તમને ઈરાદા પૂર્વક નથી કહ્યો, કારણ કે પુરુષની બહાદૂરી કે ચતુરાઈની કોઈ વાત સ્ત્રીઓ પુરુષ પાસે કરે, ત્યારે પુરુષને એક પ્રકારનું અભિમાન ઉત્પન્ન થાય છે. પત્નીએ કરેલી વ્યવસ્થા વિષે તેના પતિએ જ્યારે જાણ્યું, ત્યારે તેની પત્નીએ પોતાને આવો અધમ અને કામી માણસ માન્યો, તે માટે એવી તો સખત ચોંટ લાગી કે ત્યારે જ મુનિરાજને ઘેરે બોલાવી પત્નીની હાજરીમાં આજીવન બ્રહ્મચર્યવ્રતના હાથ જોડયાં અને એ વ્રતનું એ પુરુષે જીવ્યો ત્યાં સુધી અણી શુદ્ધ પાલન કર્યું. પણ તમારી બાબતમાં તો હું સાજી સારી છું, એટલે તમને કઈ વાત મૂંઝવે છે એ કહો' 'જીભના લોચા વાળતાં આખરે શ્રીદત્તે કહ્યું:' તે દિવસે તારી પ્રિય સખી ગોપી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી હતી, તે મારા પર જાદુ કરી ગઈ છે. એક વખત તેની સાથે જ્યાં સુધી મારું મિલન નહીં કરાવી આપે ત્યાં સુધી મારા ચિત્તને કોઈ પણ રીતે શાંતિ થઈ શકે તેમ નથી. કોઈ મૂર્ખ માણસ પણ પોતાની પત્નીને આવી વાત ન કરી શકે એ હું સમજું છું, પણ આ વાત તો મારા જીવન મરણની બની ગઈ છે, એટલે તને ન કહું તો અન્ય કોને કહું? એને જોયા પછી હું મારી શુદ્ધબુદ્ધ ખોઈ બેઠો છું, ભૂખ મરી ગઈ છે અને ઉંઘ પણ ઊડી ગઈ છે.'

પતિની વાત સાંભળી શ્રીમતીને ધરતીકંપ જેવો આંચકો લાગ્યો. જળમાં અગ્નિ પ્રકટ્યા જેવી વિચિત્ર વાત બની હતી. યુદ્ધમાં તલવારના ઘા પડતા હોય ત્યારે ઢાલ જેમ સૈનિકના રક્ષણનું કામ કરે છે, એમ સંસારના અનેકવિધ સંઘર્ષો વચ્ચે પુરુષના માટે સુશીલ પત્ની ઢાલરૂપ બની છે. પતિની મનોકામના સિદ્ધ કરી આપવાની શ્રીમતીએ તેને ખાતરી આપી અને એજ વખતે સાપ મરે નહિં અને લાઠી ભાંગે નહિં એવી યોજના વિચારી લીધી. દરેક સ્ત્રીના હૃદયમાં એક માતાની માફક પોતાના પ્રિયતમનું રક્ષણ કરવાની ભાવના રહેલી જ હોય છે. શ્રીદત્તને તે દિવસે શ્રીમતી સુખપૂર્વક ભોજન કરાવી શકી અને પોતાની મનોકામના સિદ્ધ થશે એ વિચારે તે આનંદમાં આવી ગયો. કોઇએ સાચુંજ કહ્યું છે કે કામી અને અંધ ધોળા દિવસે પણ જોઈ શકતા નથી.

ત્રણ દિવસ પછી શ્રીમતીએ શ્રીદત્તને કહ્યું: 'હું મારી સખી ગોપીને મળી આવી છું અને બહુ મહેનત પછી આ બાબત માટે તેની સંમતિ મેળવી શકી છું. આ બાબત માટે તેણે પ્રથમ તો સ્પષ્ટ ના પાડી, પણ જ્યારે મેં સમજાવ્યું કે મારા પતિનું જીવન તારા હાથમાં છે ત્યારે તેણે સંમતિ આપી. પરંતુ સંમતિ આપતી વખતે તેણે શરત કરી છે કે, માત્ર એકજ વખત તે તમને સંતોષ આપશે અને આવા નિંદ્ય અને દુરાચારી કૃત્યમાં તેને અત્યંત શરમ થતી હોય તે તમારી સાથે કશી વાત કરશે નહીં. શયનગૃહમાં જેવી તે પ્રવેશ કરશે કે તરતજ દીવો ઓલવી તમારી નજીક આવશે અને તમારી કામેચ્છા પૂર્ણ કરી શયનગૃહમાંથી તરત બહાર નીકળી જશે. તમારા વતી આ શરતો મેં મંજૂર રાખી છે. ગોપી પરિણીત નારી છે અને તેનો પતિ પણ રાજકુમાર જેવો સુંદર અને સોહામણો છે, તેના પતિને અગર અન્ય કોઇને આવા અધમ કૃત્યની ખબર પડે, તો તેનું દાંપત્ય જીવન સદા માટે સળગી જાય, પણ માત્ર તમારી જીંદગી બચાવવા અર્થે અત્યંત આજીજીપૂર્વક સમજાવ્યા બાદ આ વાતનો તેની પાસે સ્વીકાર કરાવી શકું છું.' શ્રીમતીની વાત સાંભળી શ્રીદત્તનું મસ્તક તેને નમી પડયું અને તેનું સંતપ્ત હૃદય કોઈ અલૌકિક આનંદની આશાએ પરમ તૃપ્તિ અનુભવી રહ્યું.

મુકરર કરેલ રાતે શ્રીમતીએ પોતાના પતિને શયનગૃહમાં મોકલાવી આપી કહ્યુ કે ગોપી થોડા સમયમાં તમારી પાસે આવી પહોંચશે.

શ્રીમતીએ તે રાતે સંપૂર્ણ રીતે અભિસારિકાનો સ્વાંગ સજી લીધો. પતિ સાથેના પ્રથમ મિલન વખતે સોહામણી અને આકર્ષક બનવા પાછળ જે તૈયારી કરી હતી, તે કરતા અનેકગણી તૈયારી તેણે તે રાતે કરી હતી. દેહને શણગારી પોતાના પતિ પાસે ગોપી સ્વરૂપે પહોંચી તુરતજ દીવો ઓળવી નાખ્યો. અખંડ એકાન્ત અને નીરવ અંધકાર હતો. શય્યાગૃહમાં ગોપીને પ્રવેશ કરતાં જોઇ શ્રીદત્તના શરીરે રોમાંચના પૂર ઉમટયાં. શ્રીમતીની કાયામાંથી પ્રગટ થતી અજબ સૌરભે શ્રીદત્ત પૂરો પાગલ બન્યો અને પોતાની અધમ મનોકામના સિદ્ધ કરી શ્રીમતી તો પછી તરત બહાર નીકળી ગઇ અને શ્રીદત્ત થોડી ક્ષણોમાં કેવો ભયંકર ઉલ્કાપાત મચી ગયો તે વિષે વિચારવા લાગ્યો.

રૂપ વ્યક્તિમાં નથી પણ માનવના મનમાં છે. માણસને કોઇ સ્ત્રી પ્રત્યે કામુક ભાવ જાગે ત્યારે જગતની દૃષ્ટિએ પેલી સ્ત્રી કદરૂપી હોવા છતાં, પેલા માણસ માટે તે જગતની શ્રેષ્ઠ સૌંદર્યવતી યુવતી બની જાય છે. શ્રીદત્તે પ્રથમ દૃષ્ટિએ જ્યારે ગોપીને જોઇ ત્યારથી તેનું હૃદય ઘાયલ બની ગયું હતું. બાકી જે કાંઇ સુંદર–અસુંદર છે તે ચિત્તને લીધે જ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચિત્ત જો શાંત થઇ જાય તો તેના માટે સુંદર–અસુંદર જેવું કશું રહેતું નથી. ગોપી પ્રત્યે તેને જે કામુક ભાવો જાગ્યા તેથી જ તેની દૃષ્ટિએ ગોપી અપ્રતિમ સુંદર દેખાવા લાગી. પણ હવે તો એ ક્ષણો પસાર થઈ ચૂકી હતી.

મદિરાનો કેફ ઊતરી જતાં માણસને તેની વાસ્તવિક સ્થિતિનું ભાન થવા લાગે છે. જે આનંદ વસ્તુ મેળવવાની ઝંખનામાં છે, એ માટેની ઉત્કટતામાં છે, તે આનંદ વસ્તુ પ્રાપ્ત થયા પછી રહી શકતો નથી. માનવ મનની રચના જ આવા પ્રકારની છે. શ્રીદત્તની બાબતમાં પણ આમ જ બન્યું. આનંદ ઊડી ગયો અને આઘાતની લાગણી શરૂ થઈ.

ત્યાં તો એ ઓરડામાં ગોપીમાંથી પાછી બની ગયેલી શ્રીમતીએ પ્રવેશ કર્યો અને પતિની પડખે જઈ બેસી ગઇ. શ્રી દત્તને અસ્વસ્થ બનેલો જોઈ શ્રીમતીએ ટોણો કરતાં તેને પૂછ્યું: ઇચ્છિત વસ્તુ મળી ગયા છતાં આવા સોગિયા જેવા કેમ દેખાવ છો? શું ગોપીએ કાંઈ ઠપકો આપ્યો?'

શ્રીદત્ત શરમ, લજ્જા, સંકોચ અને આઘાતથી પીડાઈ રહ્યો હતો. પાપની સજા પાપની સાથેજ વીંટળાયેલી હોય છે. પાપ કરવું તો સહેલું છે અને તે કરતી વખતે આનંદ પણ અનુભવાય છે, પણ પછી તેમાંથી ઉત્પન્ન થતાં પ્રત્યાઘાતોને જીરવવા અતિ મુશ્કેલ છે. શ્રીમતીના પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે શ્રીદત્તના ચક્ષુમાંથી આંસુની ધારા વહેવા લાગી. તેણે પોતાનું મસ્તક શ્રીમતીના વક્ષસ્થળ પર નાખી ગદ્‌ગદિત બની જઈ કહ્યું:' શ્રીમતી! આવા અધમ અને દુરાચારી કાર્યમાં મદદરૂપ થવાને બદલે ઝેર આપી મને મારી નાખવાનું તને કેમ ન સૂઝયું? તું વિધવા થઈ હોત તો પણ એવા વૈધવ્યમાં આપણા બંનેનાં આત્માની ઉચ્ચગતિ થઇ હોત! પુરૂષ તો કેટલીક બાબતમાં માખી અને કાગડા જેવો છે, એટલે મેલાં પર બેસવા જાય, પણ મને તેમ કરતાં તેં કેમ ન અટકાવ્યો? તારા જેવી બુદ્ધિશાળી સ્ત્રી પણ ઉપર ઊભા રહીને પોતાનાજ પતિને પતનની ઊંડી ખાઈમાં ધકેલી દે! મારા અણુમૂલ વ્રતનો આજે ભંગ થયો. તારા પ્રત્યે પણ હું બેવફા બન્યો. એક નારીનાં શીલનું મારાથી ખંડન થયું. અન્ય પુરુષની તે ધર્મપત્ની હતી એટલે તેની સાથેનો ભોગ એ મારા માટે વ્યભિચાર થયો. લોકો મને કદાચ શ્રેષ્ઠ અને ઉચ્ચ માને, પણ હું મારા આત્માનો મહાન અપરાધી છું એ વાત હવે કેમ ભૂલી શકું? મારા માટે શેષ જીવન નર્કાગારરૂપ બની ગયું. અરે! તારા સામે જોઈ શકવાની પણ મારામાં હિંમત નથી રહી. હું તો ઇચ્છું છું કે આવતી કાલનો સૂર્ય ઊગે તે પહેલાં મારી ચેહ સ્મશાનમાં બળતી હોય! જીવતાં તો ન આવડયું. પણ મૃત્યુને તો હવે સુધારી લઉં. મને અત્યારે જ કાતિલ ઝેર આપી દે નહિં તો દીવાની મદદ લઈ હું જીવતો બળી મરીશ!'

શ્રીમતી પ્રેમ પૂર્વક શ્રીદત્તની પીઠ થાબડતી થાબડતી તેની વાત સાંભળી રહી હતી, પણ પછી તેને આગળ બોલતો અટકાવી સ્નેહાદ્ર ભાવે બોલી: 'મારા માટે જગતનું કોઈ મોટામાં મોટું આશ્ચર્ય હોય તો એ છે, કે જે માણસ અન્ય સૌ કોઈને સમજી શકે, ગહનમાં ગહન બાબતનો પણ તાગ કાઢી શકે, તે માણસ હર હંમેશ પોતાની સાથે રહેતી પત્નીને કેમ નહિં સમજી શકતો હોય? પવિત્ર સાધ્ય પણ બે રીતે સિદ્ધ થાય છે, એક ઈષ્ટ સાધનથી, બીજું અનિષ્ટ સાધનથી. માણસનાં માનસ અને પ્રકૃતિને અનુરૂપ સાધન હોવું જરૂરી છે.' બધી વાતનો સ્ફોટ કરી અંતે શ્રીમતીએ કહ્યું: 'મારે આ બધું નાટક કરવું પડયું તે તમને પતનના માર્ગે ઘસડવા નહિ, પણ એ માર્ગે જતાં અટકાવવા. કામનો આવેગ માણસને પશુ અને પાગલ બનાવે છે. અરે! વિશ્વામિત્ર જેવા તપસ્વી પણ તેમાંથી બાકાત નથી રહી શકયા? તમને ઝેર હું શા માટે આપું? મારે તો તમારા હાથે ઢંકાઈ સૌભાગ્ય ભર્યું મૃત્યુ પ્રાપ્ત કરવું છે. અને એ તો દરેક સ્ત્રીનો સર્વોચ્ચ અધિકાર છે.'

વિદીર્ણ હૃદયે શ્રી દત્તે કહ્યું: 'તારી યુકિત અને બુદ્ધિથી ભારે અનાચાર થતાં અટકી ગયો એ સાચું, પણ ભાવદૃષ્ટિએ મારાથી મહાન પાપ થયું છે એમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કશી શંકાને સ્થાન નથી. કર્મનાં બંધનો આધાર માત્ર ક્રિયા પર નહિં, પણ ક્રિયા કરતી વખતે ક્રિયા કરનારનાં મનમાં અધ્યવસાયો પર અવલંબે છે. માનવ ચિત્ત જેનું ચિંતન કરે તેમાં જ તેનું ચિત્ત તદાકાર થઇ જાય છે, નહિં તો વરસોથી જેનું પડખું સેવનો આવ્યો છું, એજ મારી પડખે હોવા છતાં તેને ગોપી માની લેવાની ભૂલ હું કેમ કરું ?'

શ્રીમતીએ શ્રીદત્તનાં મનનુ સાંત્વન કરતાં કહ્યું: 'સ્વદારા અને સ્વપતિ સંતોષ વ્રત ધારણ કર્યા છતાં, તે દ્વારા આપણે જે સિદ્ધ કરવાનું છે તેનું રહસ્ય સમજ્યાં ન હોવાથી, આવી બધી રામાયણ ઊભી થવા પામે છે. મૈથુનને શાસ્ત્રકારોએ 'અબ્રહ્મ' કહેલ છે. જે માર્ગે જવાથી સદ્‌ગુણોનો હ્રાસ થાય અને દુર્ગુણોને પોષણ મળે તે અબ્રહ્મ. અબ્રહ્મ શરીરનો ધર્મ નથી એ તો પડી ગયેલી એક ખોટી ટેવ માત્ર છે. ચાલતાં શીખતી વખતે નાના બાળકને જેમ ચાલણગાડીનું સાધન જરૂરનું છે, તેમ સ્વદારા-સ્વપતિ સંતોષ વ્રતને સાધન બનાવી તે સાધન દ્વારા જે સિદ્ધ કરવાનું છે, તે તો શુદ્ધ બ્રહ્મચર્ય પાલનનું છે. તમારાથી જે પ્રકારનો દોષ થઇ ગયો છે તેનું નિવારણ આલોચનાથી થઇ શકે તેમ છે.'

શ્રીમતીની દલીલે શ્રીદત્ત પર અસર કરી અને વળતે દિવસે જ મુનિરાજ પાસે જઇ યોગ્ય આલોચના લીધી. પછી તો બને જણાએ દીક્ષા ગ્રહણ કરી અને શુદ્ધ સાધુધર્મનું પાલન કરી શ્રીમતી અને શ્રીદત્તે એજ ભવના અંતે મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

## શ્રી આત્મવલ્લભશીલ સૌરભ ટ્રસ્ટ

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પૂ. સાધ્વીજીશ્રી શીલવતીશ્રીજી મહારાજ મુંબઇમાં તા. ૧૭-૧-૧૯૬૮ના રોજ કાળધર્મ પામતા શુભેચ્છક વર્ગે કાયમી સ્મારકની યોજના કરી દર વર્ષે પ્રાકૃત અર્ધમાગધીનો કોલેજમાં અભ્યાસ કરતી જૈન વિદ્યાર્થિની બહેનોને અભ્યાસમાં મદદરૂપ થવા સ્કોલરશિપરૂપે આર્થિક સહાય આપવામાં આવે છે. સને ૧૯૭૨-૭૩ના વર્ષ માટે ૪૬ વિદ્યાર્થિનીઓને રૂા. ૫૦૫૦)ની રકમ મંજૂર કરવામાં આવેલ છે.

પૂ. સાધ્વીજી મહારાજના અભ્યાસમાં મદદરૂપ થવા પંડિતોને આ ટ્રસ્ટમાંથી આર્થિક સહાય આપવામાં આવે છે તે મુજબ બે પૂજ્ય સાધ્વીજી મહારાજોના અભ્યાસ કરાવતા પંડિતોના પગાર માટે રૂા. ૧૨૦૦) મંજૂર કરેલ છે. તેમજ શ્રી પ્રાકૃત વિદ્યામંડળ (અમદાવાદ)ને રૂા. ૧૦૦૦) પ્રાકૃતનો અભ્યાસ કરતી જૈન વિદ્યાર્થિનીઓને સ્કોલરશિપ આપવા મંજૂર કરેલ છે આ રીતે કુલ રૂા. ૭૨૫૦) ૧૯૭૨-૭૩ માટે મંજૂર કરેલ છે.

તા. ૨૦-૯-૭૨ના રોજ મળેલ ટ્રસ્ટીઓની સભાએ સંવત ૨૦૨૭ના ઓડિટેડ હિસાબ મંજૂર કરેલ છે.

આ ટ્રસ્ટને આર્થિક રીતે સહાયરૂપ થનાર સર્વે દાતાઓ અને ઓડિટર્સ તરીકે મે. રાજેન્દ્ર એન્ડ કું. એ માનદ સેવા આપી છે તે માટે ટ્રસ્ટી મંડળ આભાર માને છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી જૈન ભક્તિસાહિત્ય : પૂજાઓ અને પૂજનવિધિ

લે : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

(અષાઢ અંક પાના ૧૭૦ થી ચાલુ)

(૮) અષ્ટ પ્રકારી અડસઠ આગમપૂજા—આ પૂજા દીપવિજયે જંબૂસરમાં વિ. સં. ૧૮૮૬માં રચી છે એનાં પ્રારંભિક બે પદ્યો તેમજ અંતમાં 'કળશ'નાં ૭ પદ્યો અને ત્યારબાદ આગમની આરતીની ત્રણ પંક્તિ જૈ. ગૂ. ક. (ભા. ૩, ખંડ ૧, પૃ. ૨૦૪–૨૦૫)માં અપાયાં છે આ પૂજામાં ૬૮ આગમો તે કયા છે તેમજ કયા કયા આગમ કે આગમો અંગે આઠ જાતની પૂજાઓ પૈકી કઈ કઈ જાતની પૂજા છે તે જાણવું બાકી રહે છે.

(૯) અષ્ટપ્રકારી પિસ્તાલીસ આગમ પૂજા—આ વીરવિજયે રાજનગરમાં વિ. સં. ૧૮૮૧માં રચી છે. એમાં ૧૬ ઢાળ છે અને અંતે 'કળશ' છે, જળપૂજા ઈત્યાદિ આઠ પૂજાઓ પૈકી પ્રત્યેકને અંગે બબ્બે ઢાળ છે. પહેલી ઢાળમાં દૃષ્ટિવાદના પરિકર્મ, સૂત્ર, પૂર્વગત, અનુયોગ અને ચૂલિકા એ પાંચ વિભાગો પૈકી પહેલા ત્રણનો અને બીજી ઢાળમાં બાકીના બે વિભાગોનો સંક્ષેપમાં પરિચય અપાયો છે. ત્યારબાદ ૪૫ આગમોનો વિચાર કરાયો છે. ત્રીજી ઢાળમાં અંગ ૧–૫, ચોથીમાં અંગ ૬–૧૧, પાંચમીમાં પહેલાં સાત ઉપાંગો, છઠ્ઠીમાં બાકીનાં પાંચ ઉપાંગો, સાતમીમાં તેમજ આઠમીમાં અનેક પ્રકીર્ણકો પૈકી પાંચ પાંચ, નવમીમાં છએ છેદસૂત્રો, દસમીમાં જ્ઞાન, અગિયારમીમાં અને બારમીમાં બબ્બે ચૂલ સૂત્રો, તેરમીમાં નવે ચૂલિકા ચૌદમીમાં આગમોની આશાતનાથી હાનિ, પંદરમીમાં જિનાગમના પૂજન અને સોળમીમાં સિદ્ધના સ્વરૂપ અંગે કેટલીક વિગતો રજૂ કરાઇ છે. આ પૂજા વિ. પૂ. સં. (૨)માં છપાઇ છે.

(૧૦) અષ્ટપ્રકારી પંચકલ્યાણક પૂજા—આ ઉપર્યુક્ત વીરવિજયે રાજનગરમાં અર્થાત્ અમદાવાદમાં વિ. સં. ૧૮૮૯માં રચી છે. એમાં પાર્શ્વનાથનાં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ એ પાંચ કલ્યાણકો પૈકી પહેલા કલ્યાણકને અંગે પુષ્પ પૂજા અને ફળ–પૂજા, બીજાને ઉદ્દેશીને અક્ષતપૂજા, જળપૂજા અને ચંદનપૂજા અને બાકીનાં ત્રણ કલ્યાણકો પરત્વે અનુક્રમે ધૂપપૂજા દીપપૂજા અને નૈવેદ્યપૂજા એમ એકેક પૂજા રચી છે આ પૂજા વિ. પૂ. સં. (૨)માં છપાઈ છે.

(૧૧) અષ્ટપ્રકારી જિનકુશલસૂરિ પૂજા—આ 'ખરતર' રત્નરાજના શિષ્ય જ્ઞાનસારે રચી છે. એમણે વિ. સં. [૧]૧૮૧૬ (?[૨]૧૮૨૧)માં દીક્ષા લીધી હતી અને વિ. સં. ૧૮૯૯ કે એકાદ વર્ષ બાદ એમનો સ્વર્ગવાસ થયો હતો, એમણે પ્રસ્તુત પૂજાનો પ્રારંભ સંસ્કૃતમાં કર્યો છે. ગુજરાતીમાં શરૂઆતનો એક દુહો તેમજ અંતમાંનાં ત્રણ પદ્યો જૈ. ગૂ ક. (ભા. ૩, ખંડ ૧, પૃ. ૨૭૩)માં અપાયાં છે. આ પૂજા જિનદત્તસૂરિ ચરિત્રમાં પ્રકાશિત કરાઇ છે.

## (૪) તેર પ્રકારી પૂજા (૧–૨)

(૧) તેર પ્રકારી સમ્યક્ત્વપૂર્વક–બાર વ્રતની પૂજા—આ પૂજા વીરવિજયે રાજનગરમાં દિવાળીના દિવસે વિ. સં. ૧૮૮૭માં રચી છે. એમાં સમ્યક્ત્વ તેમજ પ્રાણાતિપાત વિરમણથી માંડીને અતિથિ સંવિભાગ સુધીનાં શ્રાવકનાં બાર વ્રતો વિષે સંક્ષેપમાં નિરૂપણ છે. આમ જે તેર બાબતો અત્ર રજૂ કરાઈ છે તેમાં પ્રત્યેકને અંગે ભિન્ન ભિન્ન પ્રકારની એકેક પૂજા છે. આથી ઉદ્ભવતા તેર પ્રકારોનાં નામ એના અંતગત 'પૂજા' શબ્દને બાજુએ રાખતાં નીચે મુજબ છે.

ન્હવણ (જળ), વિલેપન (ચંદન) વાસ, પુષ્પમાળા, દીપક, ધૂપ, પૂષ્પ, અષ્ટમંગળ, અક્ષત, દર્પણ, નૈવેદ્ય, ધ્વજ અને ફળ.

૧ જુઓ જૈ. ગૂ. ક. (ભા. ૩, નં. ૩૧, પૃ. ૨૬૦)
૨ જુઓ યશોવિજય સ્મૃતિ ગ્રન્થ (પૃ. ૨૭).



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**આ પૂજામાં તેર ઢાળ છે અને અંતે 'કળશ' છે.** આ પૂજા વિ. પૂ સં. (૨)માં છપાઈ છે.

(૪) તેર પ્રકારી સ૦ પૂર્વક બારવ્રત-પૂજા—આ ખરતર રૂપચંદના શિષ્ય કપૂરચન્દે (કુશલસારે) વિ. સં. ૧૯૩૬માં રચી છે. એના પ્રારંભમાં "પૂજા તેર વિધાન" ઉલ્લેખ છે આ પૂજા પૂજા સંગ્રહમાં છપાઈ છે.

## (૫) સત્તરભેદી પૂજા (૧-૭)

'સત્તરભેદી પૂજા' એ પણ પૂજાનો એક પ્રકાર છે. એનો સંબંધ સત્તર પ્રકારે હોઈ એનું આ નામ સાર્થક છે. આ જાતની પૂજાનો એક પ્રાચીન નમૂનો (૧) 'ખરતર' ગચ્છના અમરમાણિક્યના શિષ્ય સાધુ કીર્તિએ અણહિલપુરમાં વિ. સં. ૧૬૧૮માં રચેલી અને "સત્તરભેદી પૂજા" તરીકે નિર્દેશાયેલ કૃતિ છે. એનો પ્રારંભ 'જ્યોતિ સકલ'થી કરાયો છે. એને લગતું પદ્ય તથા એના પછીની પાઇય (પ્રાકૃત)માં રચાયેલી નિમ્નલિખિત એક ગાથા તેમજ અંતમાંની ત્રણ કડીઓ જૈ. ગૂ. ક. (ભા. ૧, પૃ. ૨૧૯-૨૨૦)માં રજૂ કરાઈ છેઃ—

**"न (न्ह)वण विलेवण वथ(?त्थ) जुग गन्धारोहणं**
**च पुप्फरोहणयं ।**
**मालारुहण वन्नयं २ चुन्नं पडागा य आभरणे॥"**

આ ગાથા સત્તર પ્રકારો પૈકી દસ ઉપર પ્રકાશ પાડે છે. આ પૂજા અપ્રકાશિત છે.

(૨) સત્તરભેદી પૂજા—આ 'તપા'ગચ્છીય હીરવિજયસૂરિના શિષ્ય ઉપાધ્યાય સકલચન્દ્રની વિક્રમની સત્તરમી સદીની રચના છે. એનો પ્રારંભ ગુજરાતી પદ્યથી કરાયો છે. ત્યારબાદ સત્તર પ્રકારોના નિર્દેશવાળી ત્રણ ગાથાઓ પાઇયમાં છે. એ પ્રકારોનાં નામો નીચે મુજબ સૂચવાય છેઃ—

(૧) ન્હવણ, (૨) વિલેપન, (૩) ચક્ષુયુગલ, (૪) વાસ (સુગંધ), (૫) (છૂટાં) પુષ્પ, (૬) પુષ્પોની માળા, (૭) વર્ણક (આંગી), (૮) ચૂર્ણ (બરાસ), (૯) ધ્વજ, (૧૦) આભરણ, (૧૧) પુષ્પગૃહ (ફૂલઘર), (૧૨) પુષ્પપ્રકર પુષ્પવૃષ્ટિ, (૧૩) આરતી-મંગળપ્રદીપ, (અષ્ટમંગલ), (૧૪) ધૂપદીપ, (૧૫) ગીત, (૧૬) નૃત્ય (નાટક) અને (૧૭) વાદ્ય (વાજિંત્ર.

પ્રસ્તુત પૂજામાં 'વસ્તુ' છંદમાં રચાયેલ પદ્યથી ઉપર્યુક્ત સત્તરે પ્રકારની પૂજાનો પ્રારંભ કરાયો છે. અને 'કળશ' માટે પણ તેમ કરાયું છે આમ આ પૂજામાં 'વસ્તુ' છંદનો ૧૮ વાર ઉપયોગ કરાયો છે. ૧૦મી તેમજ ૧૭મી પૂજાઓમાં કેટલાંક વાદ્યોનાં નામો છે. દા. ત. શ્રીમંડલ અને મહુવર ૧૬મી પૂજામાં વાદ્યોના ધ્વનિઓનો ઉલ્લેખ છે. વિ. પૂ. સં (૨)માં આ પૂજા છપાઈ તો છે પરંતુ એમાં જોઇએ તેવી શુદ્ધિ જળવાઈ નથી.

(૩) સત્તરભેદી પૂજા—'અચલ'ગચ્છના ભાનુલબ્ધિના શિષ્ય મેઘરાજે આ પૂજા વિક્રમની સત્તરમી સદીમાં રચી છે. એનો પ્રારંભ એક સંસ્કૃત પદ્યથી કરાયો છે. એ તથા એના પછીનું એક ગુજરાતી પદ્ય તથા અંતમાંનાં ચાર ગુજરાતી પદ્યો જૈ. ગૂ. ક. (ભા. ૧, પૃ. ૪૬૭-૪૬૮)માં ઉધ્ધૃત કરાયા છે. આ કૃતિમાં આગમમાં જિનેશ્વરે પૂજાના ૧૭ ભેદ કહ્યાનો તેમજ જીવાભિગમ, જ્ઞાતા (ધર્મકથા) અને રાયપસેણીનો ઉલ્લેખ છે. સાથે સાથે વિજયદેવ, દ્રૌપદી અને સુર્યાભનાં નામો પણ અપાયાં છે. આ પૂજા વિ. પૂ. સં. (૧)માં છપાય છે. એમાં દર્શાવાયેલાં પૂજાના સત્તર પ્રકારો સકલચન્દ્રની કૃતિ સાથે સર્વાંશે મળતા આવે છે.

(૪) વિધિગર્ભિત સત્તરભેદી પૂજા—આ પાર્શ્વચન્દ્રસૂરિની રચના છે. એઓ વિ. સં. ૧૫૩૭માં જન્મી, વિ. સં. ૧૫૪૬માં દીક્ષા લઈ, ૧૫૫૪માં ઉપાધ્યાય અને ૧૫૬૫માં આચાર્ય બન્યા હતા. એમનો વિ. સં. ૧૬૧૨માં જોધપુરમાં સ્વર્ગવાસ થયો હતો. એ હિસાબે એમની આ કૃતિ સત્તરભેદી પૂજાઓમાં પ્રથમ ગણાય. જૈ. ગૂ. ક. (ભા. ૧, પૃ. ૧૪૨)માં આ કૃતિનો "સત્તરભેદી પૂજા વિધિ ગર્ભિત" તરીકે અને પૃ. ૬૨૯માં "સત્તરભેદી પૂજા વિધિ ગર્ભિત સ્તવન" તરીકે ઉલ્લેખ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**(૫) સત્તરભેદી પૂજા—આ 'ખરતર' ગુણશેખરના** શિષ્ય નયરંગે ખંભાતમાં વિ. સં. ૧૬૧૮માં રચી છે. એમાંથી એક પણ પદ્ય જૈ. ગૂ. ક. માં ઉધ્ધૃત કરાયું નથી.

(૬) સત્તરભેદી પૂજા—આ પૂર્ણચન્દ્રના શિષ્ય આનન્દચન્દ્રની ૧૬૬૦ની રચના છે. એ નગીનામાં રચાયેલી કૃતિનાં આદ્ય બે પદ્યો તેમજ અંતમાંનાં પદ્ય ૭૮–૮૪ જૈ. ગૂ. ક. (ભા. ૩, ખંડ ૧, પૃ. ૮૮૨)માં ઉધ્ધૃત કરાયા છે.

(૭) સત્તરભેદી પૂજા—આ આત્મારામજી ઉર્ફે વિજયાનન્દસૂરિએ અંબાલામાં વિ. સં. ૧૯૧૯માં રચી છે. એ વિ. પૂ. સં. (૨)માં છપાઇ છે.

સત્તરભેદી પૂજા–સ્તવન—આ વીરવિજય(ખ૦)નું રાજધન્યપુર (રાધનપુર)માં વિ. સં. ૧૬૫૩માં રચાયેલું સ્તવન છે. એમાંથી કશું અવતરણ જૈ. ગુ. ક. માં અપાયું નથી.

સત્તરભેદી પૂજા વિચાર–સ્તવન—આ પાર્શ્વચન્દ્રસૂરિએ ૨૯ કડીમાં રચ્યું છે. એની આદ્ય તેમજ અંતિમ કડી જૈ. ગુ. કૃ. (ભા. ૩, ખંડ ૧, પૃ. ૫૯૨–૫૯૩)માં ઉધ્ધૃત કરાઈ છે. આજ કૃતિ તે ઉપર્યુક્ત ચોથી કૃતિ તો નથી એવો પ્રશ્ન ઉદ્‌ભવે છે.

## (૬) એકવીસ પ્રકારી પૂજાઓ (૧–૫)

(૧) એકવીસ પ્રકારી પૂજા—આ સત્તરભેદી પૂજા રચનાર ઉપાધ્યાય સકલચન્દ્રની કૃતિ છે. એના પ્રારંભિક દોહાઓમાંથી દોહા ૨–૪માં આ પૂજા માટેનાં નીચે મુજબનાં ૨૧ સાધનોનો નિર્દેશ છે.

જળ, વસ્ત્ર, ચંદન, પુષ્પ, વાસ (સુગંધી પદાર્થો) ચૂંનાર (ચૂઆ–ચૂર્ણ), પુષ્પમાલા, અષ્ટમંગળ, દીપક, ધૂપ, અક્ષત, ધર્મધ્વજ, ચામર, છત્ર, મુગટ, દર્પણ, નૈવેદ્ય, ફળ, ગીત, નટ્ટ (નાટ્ય–નાટક) અને વાજિંત્ર.

અંતમાં 'કળશ' છે એમાં સૂચવાયું છે કે આ પૂજામાં ૧૦૫ કવિત્ત (કડી) છે. આ પૂજા પોપટલાલ સા. શાહે સને ૧૯૪૧માં પ્રકાશિત "વિવિધ પૂજા સંગ્રહ"માં છપાઈ છે પરંતુ વિ. સં. ૨૦૨૬ માં જશવંતલાલ ગી. શાહે છપાવેલ વિવિધ પૂજા સંગ્રહમાં એ અપાઇ નથી.

(૨) એકવીસ પ્રકારી પૂજા—આ જ્ઞાનસાગરના શિષ્ય જ્ઞાનઉદ્દ્યોતની વિ. સં. ૧૮૨૩ની રચના છે. આના શરૂઆતના દોહા ૨–૩ માં 'એકવીસ ગણ'ના ઉલ્લેખપૂર્વક પૂજા માટેની ૨૧ બાબતો નીચે પ્રમાણે ગણાવાઇ છે.

સ્નાન, વિલેપન, ભૂષણ, પુષ્પ, વાસ, ધૂપ, દીપ, ફળ, અક્ષત, પત્ર, પૂગ (સોપારી), નૈવેદ્ય. ઉદક, વસ્ત્ર, ચામર, છત્ર, વાદ્ય, ગીત, નૃત્ય, સ્તુતિ અને જિનકોશ.

આ પૂજા શ્રીમદ્ દેવચંદ્ર (ભા. ૨, પૃ. ૮૭૩–૮૮૩)માં છપાઈ છે.

(૩) એકવીસ પ્રકારી પૂજા—આ 'ખરતર' સમયસુન્દરના શિષ્ય શિવાનન્દે વિ. સં. ૧૮૭૨માં રચી છે, એના શરૂઆતના બે દોહા તેમજ અંતમાંની ૭ કડી જૈ. ગૂ. ક. (ભા. ૩, ખંડ ૧, પૃ. ૩૦૬–૩૦૭)માં અપાયેલાં છે. ઉપર્યુક્ત બીજા દોહામાં કહ્યું છે કે પ્રવચનમાં પૂજાના એકવીસ પ્રકારોનો ઉલ્લેખ છે.

(૪) એકવીસ પ્રકારી પૂજા—આ તપા ભગવાનના શિષ્ય રાજેન્દ્રવિજયની વિ. સં. ૧૮૬૬ની રચના છે. એમાંથી કશું અવતરણ જૈ. ગૂ. ક. માં અપાયું નથી.

(૫) એકવીસ પ્રકારી પૂજા—આ ખરતર ચારિત્રનન્દીએ વિક્રમની ૧૯મી સદીમાં રચી છે એમાંથી એકેય કડી જૈ. ગૂ. ક. માં ઉધ્ધૃત કરાઈ નથી.

## (૭) ચોસઠ પ્રકારી પૂજા (૧)

ચોસઠપ્રકારી પૂજા—આ પૂજા વીરવિજયે રાજનગરમાં વિ. સં. ૧૮૭૪માં રચી છે એમ એનો [1]શબ્દાંકરૂપ નિર્દેશ જોતાં જણાય છે, વિ. પૂ. સં. (૧) અને વિ. પૂ. સં. (૨)માં પણ શબ્દાંકમાં ભૂલ છે. આ કૃતિમાં એકંદર આઠ પૂજાષ્ટક છે. દરેક પૂજાષ્ટકમાં જળપૂજા ઇત્યાદિ આઠ આઠ પૂજા છે. કર્મના જ્ઞાનાવરણ, દર્શનાવરણી, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અન્તરાઈ એમ આઠ પ્રકારો છે. આ પૈકી એકેક પ્રકારને અંગે એકેક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂજાષ્ટક છે. આમ કુલ્લે પૂજાના ૮×૮=૬૪ પ્રકારો પડે છે. દરેક પૂજાષ્ટકગત પ્રત્યેક પૂજાના પ્રારંભમાં ઓછાવત્તા દોહા અને પછી એકેક ઢાળ છે. આમ એકંદરે ૬૪ ઢાળ છે. અંતમાં તેર પદ્યનો 'કળશ' છે. આ પૂજા તે પૂજાષ્ટકની જાણે આઠ આવૃત્તિઓ છે. આ વિ. પૂ. સં. (૨)માં છપાઈ છે.

### (૮) નવ્વાણુ પ્રકારી પૂજા (૨)

નવ્વાણુ પ્રકારી પૂજા—આ પૂજા તે ઉપર્યુક્ત વીરવિજયની વિ. સં. ૧૮૮૪ની રચના છે એના પ્રારંભમાં પાંચ દોહા છે, પાંચમો દોહો નીચે મુજબ છે.

"નવ કળશે અભિષેક નવ, એમ એકાદશ વાર;
પૂજા દીઠ શ્રીફળ પ્રમુખ, ઇમ નવ્વાણુ પ્રકાર."

આ ૯×૧૧=૯૯ પ્રકારો શી રીતે ઉદ્ભવે છે તે દર્શાવે છે એકંદરે ૧૧ પૂજા છે. અને દરેક પૂજામાં નવ નવ અભિષેક છે. પ્રત્યેક પૂજાને અંગે એકેક ઢાળ છે અને તેમાં વિમલગિરિનાં ભિન્ન ભિન્ન નવ નવ નામોનો નિર્દેશ છે, આમ આ પૂજામાં ૯૯ નામો છે. આ પૂજા વિ. પૂ. સં. (૨)માં છપાઈ છે.

નવ્વાણુ પ્રકારી સિદ્ધાચલ યાત્રા—આ પૂજા પદ્મ-વિજયે વિ. સં. ૧૮૫૧માં રચી છે.

નવ્વાણુ પ્રકારી પૂજા—આ 'ખરતર' જયસારના શિષ્ય અમરસિન્ધુરે મુંબઇમાં વિ. સં. ૧૮૮૮માં રચી છે. એમાંથી એકેય પંક્તિ જૈ. ગૂ. ક. માં ઉધ્ધૃત કરાઈ નથી.

૧. વેદ મુનિ વસુ ચન્દ્ર છે; નહિ કે વેદ વસુ મુનિ ચન્દ્ર.

# સ્વર્ગવાસ નોંધ

સં. ૨૦૨૮ના ભાદરવા વદિ ૪ મંગળવાર તા. ૨૬–૯–૭૨ના રોજ ગુજરાતના એક સમર્થ વિદ્વાન ડો. જિતેન્દ્ર જેટલીનું અકાળે હૃદયરોગના હુમલાથી અવસાન થયું તેની નોંધ લેતાં અમે ઘેરા શોકની લાગણી અનુભવીએ છીએ. ડો. જેટલી સંસ્કૃત સાહિત્યમાં ન્યાયશાસ્ત્ર ઉપર નિષ્ણાત ગણાતા હતા. તેમણે ન્યાયકુંડલિના સંપાદન ઉપરાંત બીજા પણ ગ્રંથોનું સંપાદન કર્યું હતું અને વિદ્વતાપૂર્ણ લેખો પણ પ્રસિદ્ધ કર્યા હતા. ઇ. સ. ૧૯૬૯માં કલકત્તામાં મળેલી ઓલ ઇન્ડિયા કોન્ફરન્સમાં તેઓ ફિલોસોફી અને રીલિજિયન વિભાગના અધ્યક્ષ પણ ચૂંટાયા હતા.

આ માસિકના પ્રકાશનમાં તેઓ સારો રસ ધરાવતા અને દરેક ખાસ અંક માટે વિદ્વતાપૂર્ણ ચિંતનાત્મક લેખ લખી મોકલતા. વિદ્વાન હોવા છતાં તેઓ તદ્દન નિરાડંબરી અને સરળ સ્વભાવના હતા. અવસાન સમયે તેઓ દ્વારકાની સંસ્કૃત એકેડેમી અને ભારતીય સંશોધન વિદ્યામંદિરના નિયામક હતા અને સંસ્કૃત સાહિત્યમાં નવાં નવાં સંશોધનો કરવાની તેમની કલ્પનાઓ હતી.

તેમના જેવા એક વિદ્વાનના અવસાનથી આપણા સાહિત્યમાં એક મોટી ખોટ પડી છે. અને આપણી સભાએ એક સહૃદયી મિત્ર ગુમાવ્યો છે. અમારી પ્રાર્થના છે કે ઇશ્વર તેમના આત્માને શાંતિ આપો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## આત્મકલ્યાણ અર્થે પૂજા ભણાવવામાં આવી

આચાર્ય શ્રી વિજયકમળસૂરિ મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ એક ઉપપ્રમુખ સ્વ. શેઠશ્રી ફત્તેહચંદ ઝવેરભાઇ શાહની જન્મતિથિ હોવાથી તેમના પુત્ર શ્રી હિંમતલાલભાઇએ આપેલી આર્થિક સહાયથી સ્વર્ગસ્થના આત્મ-કલ્યાણ અર્થે ભાવનગર જૈન આત્માનંદ સભાના લાઇબ્રેરી હોલમાં, આસો સુદિ ૯ (દશેરા) મંગળવારે પૂજા ભણાવવામાંઆવી હતી.

## આપણું ગૌરવ

જૈન સમાજના આગેવાન અને સક્રિય કાર્યકર તથા નાની મોટી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા જાણીતા કાર્યકર શ્રી જયન્તીલાલ રતનચંદ શાહ બી. એ. બી. કોમ.ની મુંબઈની જીવન વીમા નિગમની વેસ્ટર્ન ઝોનલ કાઉન્સીલના સભ્યપદે નિમણુંક કરવામાં આવી છે.

સામાન્ય રીતે આ કાઉન્સીલમાં બાર સભ્યોની નિમણુંક કરવામાં આવે છે તેમાં શ્રીયુત જયન્તીલાલભાઈની પસંદગી થઈ તે આપણા માટે ગૌરવનો પ્રસંગ છે.

## સીદાતા સ્વામીભાઇઓને મદદ

મુંબઈ ખાતે, સ્વજ્ઞાતિના કુટુંબોને આર્થિક તેમજ અન્ય રીતે સહાયભૂત થવાના ઉદ્દેશથી "શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સહાયક ટ્રસ્ટ" નામે સંસ્થા ચાલતી હતી. અને આ સંસ્થા દ્વારા મધ્યમ વર્ગના સીદાતા કુટુંબોને દર ત્રણ માસે રૂા. ૩૦ની રકમ ઘેર બેઠા મોકલવામાં આવતી હતી. આ વરસે આ ટ્રસ્ટને રીતસર રજી, કરાવી તેની કાર્યવાહિ માટે કમિટિની નિમણુંક કરવામાં આવી છે.

કોઇ પણ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન ભાઇને સહાયની જરૂર હોય તો તે નીચેના સરનામે અરજી કરી શકે છે.

સરનામું :

**શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન ફંડ**
ઠે. લક્ષ્મી લાઇન મીનરલ કું. હરહરવાળા બીલ્ડીંગ,
ઈસ્લામપૂરા-મુંબઈ-૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યુગવીરને ઓગણીશમી અંજલિ

ભાવનગરના–વડવાના ઉપાશ્રયે ચાતુર્માસ રહેલ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન તપસ્વી શ્રી પદ્મશેખરવિજયજી મહારાજની પ્રેરણાથી પંજાબકેસરી–યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની ૧૯મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે વડવા જૈન સમુદાય તરફથી ત્રણ દિવસનો મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ભા. વ. ૯ ના અંતરાયકર્મની પૂજા ભણાવવામાં આવી. અને ભા. વ. ૧૦ શા. માનમલજી ઉગમચંદ તરફથી પૂજા ભણાવવામાં આવી હતી.

વદ ૧૧ મંગળવારે સવારે નવ વાગે વડવા ઉપાશ્રયમાં જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતુ. વિશાળ મેદની વચ્ચે સભાનું કામ શરૂ કરવામાં આવતા શ્રી ગુલાબચંદ લલ્લુભાઇએ સભાનો હેતુ સમજાવ્યો હતો. બાદ બાળાઓએ મંગળગીત રજુ કર્યું હતું, ત્યારબાદ શ્રીયુત ખીમચંદ ચાંપશી શાહે આચાર્ય મહારાજના જીવનનો પરિચય આપતાં શિક્ષણ પ્રચાર અને સંગઠન માટે આચાર્યશ્રીએ ભારે જહેમત ઉઠાવી વિદ્યાલય આદિ અનેક શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરાવી, તેમજ પંજાબમાં જૈન ધર્મનો ધ્વજ ફરકતો કરવામાં તેઓશ્રીએ જે પુરુષાર્થ ખેડ્યો તેનો ખ્યાલ આપ્યો હતો.

જાણીતા ધારાશાસ્ત્રી શ્રી જગજીવન શિવલાલ પરીખે પોતાની લાક્ષણિક શૈલિમાં આચાર્યશ્રીના જીવનનો પરિચય આપતા જણાવ્યું કે જૈન ધર્મના વ્યાપક પ્રચાર માટે યુગદૃષ્ટિ ઓળખી આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજે સ્તુત્ય પ્રયાસો કર્યા હતા. તેમના પગલે પગલે યુગવીર આચાર્યે યુગ ધર્મનો મર્મ સમજીને પંજાબ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્રમાં જે જ્ઞાન જ્યોત જગાવી છે, અને સંગઠન માટે જે પ્રયાસો કર્યા છે તેના પરિણામે આપણો સમાજ–યુગપ્રવાહની સાથે ઊભો રહી શક્યો છે. મહાવીર જૈન વિદ્યાલય, આદિ સંસ્થાઓ સ્થાપી ઊગતી પ્રજામાં જૈન–ધર્મના સંસ્કારો રેડવા માટે તેઓશ્રીએ દીર્ઘદૃષ્ટિથી ઘણી ઉત્તમ સેવા બજાવી છે.

ત્યાર બાદ મુનિશ્રી પદ્મશેખરવિજયજી, મુનિશ્રી વર્ધમાનવિજયજી, મુનિ મહારાજ શ્રી લબ્ધિવિજયજી, તથા આચાર્યશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મહારાજે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી સાથેના પોતાના અનુભવ પ્રસંગો પોતાની ભાવવાહી ભાષામાં વર્ણવ્યા હતા જેની શ્રોતાઓ ઉપર ઘણી સારી છાપ પડી હતી.

છેવટ પ્રભાવના લઈ સૌ વિખરાયા હતા.

બપોરના આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી કૃત પંચતીર્થી પૂજા વડવા સમુદાય તરફથી ભણાવવામાં આવી હતી.

# શ્રી કુમારપાળ દેસાઇને સર્જન સ્પર્ધામાં પારિતોષિક

પોતાના પિતાશ્રી, બાલાભાઈ વીરચંદ દેશાઈની સાહિત્ય–સર્જનની પ્રતિમાને પગલે પગલે નોંધપાત્ર પ્રગતિ કરી રહેલ, ગુજરાતના ઊગતા, આશાસ્પદ લેખક શ્રી કુમારપાળ દેશાઇને, કેન્દ્ર સરકારના સમાજ કલ્યાણ ખાતાએ યોજેલી ગુજરાતી સાહિત્ય સર્જન સ્પર્ધામાં "બીરાદરી" પુસ્તક માટે પારિતોષિક મળેલ છે. અભિનંદન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ પ્રકાશની વાર્ષિક

# ✻ અનુક્રમણિકા : સં. ૨૦૨૮ ✻

## ગદ્ય વિભાગ


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષના મંગળ પ્રવેશે | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧ |
| ૨ | સમયસાર | .... | અમરચંદ માવજી શાહ | ૬ |
| ૩. | મંત્રના બીજાક્ષરો, યંત્રો અને મુદ્રાઓ | .... | હીરાલાલ ર. કાપડિયા | ૯ |
| ૪. | સં. ૨૦૨૬નો હિસાબ સરવૈયું | .... | — | ૧૪ |
| ૫ | જૈન સમાચાર | .... | — | ૧૯ |
| ૬ | ધર્મનો માપદંડ | .... | — | ૨૧ |
| ૭ | મહાસતી ચંદનબાળા | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૩ |
| ૮ | આત્મધ્યાન | .... | અમરચંદ માવજી શાહ | ૨૭ |
| ૯ | એકાદશ અધ્યાત્મ ગુણ શ્રેણિ | .... | સ્વ. જીવરાજ ઓધવજી દોશી | ૩૦ |
| ૧૦ | હિંસાનું મૂળ 'હું' અને મારૂં' | .... | સાહિત્યચન્દ્ર સ્વ. બાલચંદ હીરાચંદ | ૩૩ |
| ૧૧ | જૈન સમાચાર | .... | — | ૩૫ |
| ૧૨ | સ્વમાં જાગો | .... | પં. મુનિશ્રી ભુવનવિજયજી મ. | ૩૭ |
| ૧૩ | દુ:ખી જગત | .... | સ્વ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મ. | ૩૯ |
| ૧૪ | ભગવાન નેમિનાથ | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૪૩ |
| ૧૫ | જૈન યોગવિદ્યા–એક આછી રૂપરેખા | .... | પ્રોફેસર જયંતીલાલ ભાઈશંકર દવે | ૪૭ |
| ૧૬ | નિ:સ્વાર્થ સેવા એજ પરમ સ્વાર્થ | .... | — | ૫૧ |
| ૧૭ | જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા | .... | — | ૫૩ |
| ૧૮ | શ્રી શાંતિનાથ ભગવાન | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૫૫ |
| ૧૯ | લોકપ્રિય થવાની કળા | .... | વિઠ્ઠલદાસ મૂ. શાહ | ૬૧ |
| ૨૦ | રાણકપૂર તીર્થનો સંક્ષિપ્ત ઇતિહાસ | .... | મુનિ ન્યાયવિજયજી | ૬૫ |
| ૨૧ | ભગવાન મહાવીરસ્વામીનો જગતને સંદેશ | .... | પુર્ણાનન્દવિજયજી મ. | ૭૧ |
| ૨૨ | મા કરશો અભિમાન | .... | ડો. ભાઇલાલ એમ. બાવીશી | ૭૪ |
| ૨૩ | પ્રભુ મહાવીરનો આદર્શ–માનવ પ્રેમ | .... | ભાનુમતીબેન દલાલ | ૭૬ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૨૪ | અહિંસાની પ્રતિષ્ઠા | .... | ડૉ. જિતેન્દ્ર જેટલી | ૭૭ |
| ૨૫ | અનુપમ વીતરાગ સુખ | .... | ડૉ. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ૮૧ |
| ૨૬ | નવાંગીવૃત્તિકાર શ્રી અયરદેવસૂરી | .... | અગરચંદ નાહટા | ૮૫ |
| ૨૭ | આજનો દિવસ | .... | વસંતલાલ કાન્તીલાલ ઇશ્વરલાલ | ૮૯ |
| ૨૮ | આદતનું જોર | .... | — | ૯૧ |
| ૨૯ | બે યાત્રાળુઓ | .... | રામનારાયણ ના. પાઠક | ૯૫ |
| ૩૦ | કુમાર દેવાર્ય | .... | શ્રી રતીલાલ મફાભાઈ માંડલ | ૯૭ |
| ૩૧ | છેલ્લું નાટક | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૦૨ |
| ૩૨ | ભારતીય દર્શનની સાર્વભૌમ ચિન્તન દૃષ્ટિ : અનેકાન્તવાદ | .... | લે. રામધારીસિંહ 'દિનકર' અનુ. કુ. અરુણા કનાડિયા | ૧૦૭ |
| ૩૩ | મહાવીરસ્વામીના ગણનાપાત્ર ભવો | .... | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧૦ |
| ૩૪ | વિશ્વશાંતિ–વાંચ્છુ વીર | .... | ઝવેરભાઈ બી. શેઠ | ૧૧૩ |
| ૩૫ | આપણો સાહિત્યિક વારસો | .... | — | ૧૧૫ |
| ૩૬ | જૈન સમાચાર | .... | — | ૧૧૯ |
| ૩૭ | હું કોણ છું ? | .... | — | ૧૨૩ |
| ૩૮ | અર્ધાંગના | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૨૫ |
| ૩૯ | મંત્રના બીજાક્ષરો–યંત્રો અને મુદ્રાઓ | .... | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૨૯ |
| ૪૦ | આત્મ દ્રવ્યથી ભિન્ન પરચિંતન ત્યાગ | .... | મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ | ૧૩૪ |
| ૪૧ | સારા કે ખરાબ માણસની કસોટી અશક્ય છે | .... | — | ૧૩૭ |
| ૪૨ | મતભેદ પ્રગટે ત્યારે | .... | — | ૧૩૯ |
| ૪૩ | વિપશ્યના | .... | મનસુખલાલ તા. મહેતા | ૧૪૧ |
| ૪૪ | સૌધર્મેન્દ્ર શક્ર | .... | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૪૮ |
| ૪૫ | જૈન સમાચાર | .... | (ટાઈટલ પેઈજ પર) | |
| ૪૬ | સંપદાની પાછળ વિપદા | .... | પૂ. ભુવનવિજયજી મહારાજ | ૧૫૫ |
| ૪૭ | ધર્માધર્મમીમાંસા | .... | આચાર્ય વિજયકસ્તૂરસૂરિજી મહારાજ | ૧૫૭ |
| ૪૮ | સંસાર કે અંગાર | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૬૩ |
| ૪૯ | ગુજરાત જૈન ભક્તિ સાહિત્ય પૂજાઓ અને પૂજન વિધિ | .... | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૬૭ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૫૦ | શ્રી કલ્પસૂત્ર અને પર્યુષણ પર્વ | .... | સ્વ. જીવરાજભાઈ ઓધવજી દોશી | ૧૭૩ |
| ૫૧ | મહાપર્વની આરાધના | .... | શ્રી સાધ્વીશ્રી પ્રગાવતીજી મહારાજ | ૧૮૧ |
| ૫૨ | પ્રતિક્રમણ એ. મહાયોગ | .... | — | ૧૮૩ |
| ૫૩ | આત્મજયનું પર્વ | .... | ડૉ. ઊપેન્દ્રરાય જ સાંડેસરા | ૧૮૭ |
| ૫૪ | અગ્નિ અને તપ | .... | સ્વ બાલચંદ હીરાચંદ | ૧૯૧ |
| ૫૫ | આરાધના | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૯૫ |
| ૫૬ | જૈન સમ્રાટ ભિક્ખુરાય ખારવેલ | .... | ખીમચંદ ચાંપશી શાહ | ૨૦૩ |
| ૫૭ | સુખ સમ્બોધના (વિ. સ. ૧૧૭૪)માં સાતક્ષ મહાવીરસ્વામી | .... | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૨૦૮ |
| ૫૮ | સંપ્રદાયવાદ | .... | ડૉ. જિતેન્દ્ર જેટલી | ૨૧૬ |
| ૫૯ | ચમન ચેવડાવાળો | .... | ઝવેરભાઇ વી. શેઠ | ૨૧૪ |
| ૬૦ | શ્રીમદ્ ભાગવતની શ્રી ઋષભદેવજીનું સંક્ષિપ્ત ચરિત્ર | .... | પ્રા, નર્મદાશંકર શાસ્ત્રી એમ. એ. સાહિત્યાચાર્ય | ૨૧૧ |
| ૬૧ | જૈનધર્મ અને નારી | .... | હિન્દીમાં લક્ષ્મીનારાયણ ભારતીય ભાષાન્તર : અરુણા સી. કનાડીયા | ૨૧૯ |
| ૬૨ | જૈન સમાચાર | .... | — | ૨૨૩ |
| ૬૩ | માનવતાનો મહાન સંદેશ | .... | પં. શ્રી ભુવનવિજયજી મહારાજ | ૨૨૭ |
| ૬૪ | નારી અને નારાયણ | .... | લે. મનસુખલાલ તા. મહેતા | ૨૨૯ |
| ૬૫ | ગુજરાતી જૈન ભક્તિ સાહિત્ય પૂજાઓ અને પૂજનવિધિ | .... | હીરાલાલ ર. કાપડીયા | ૨૩૩ |
| ૬૬ | જૈન સમાચાર | .... | — | ૨૩૭ |


## પદ્ય વિભાગ


| ક્રમ | લેખ | | લેખક | |
|---|---|---|---|---|
| ૧ | અંતરની આરઝૂ | ... | મુનિ પ્રદ્યુમ્નવિજય | ૫૯ |
| ૨ | જિનવાણી | .... | — | ૬૯ |
| ૩ | જ્ઞાનસાર સ્વાધ્યાય બત્રીસી | .... | અમરચંદ માવજી | ૧૪૫ |
| ૪ | જિનવાણી | .... | — | ૧૭૧ |
| ૫ | કાયલાવણ્ય રચિત પર્યુષણ ગીત | .... | અગરચંદ નાહટા | ૧૯૯ |

જૈન સમાચાર ૨૪૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પેટ્રનોની નામાવલી

| | | |
|---|---|---|
| ૧ | શેઠ ભોગીલાલભાઇ મગનલાલ | ભાવનગર |
| ૨ | „ રમણીકલાલ ભોગીલાલભાઈ | „ |
| ૩ | „ ત્રિભુવનદાસ દુલભજી | „ |
| ૪ | „ ખાંતિલાલ અમરચંદ | „ |
| ૫ | „ ખીમચંદભાઇ લલ્લુભાઇ | „ |
| ૬ | „ સાકરલાલ ગાંડાલાલ | „ |
| ૭ | „ નવીનચંદ્ર જયંતીલાલ | „ |
| ૮ | „ રતિલાલ વાડીલાલ | નડીયાદ |
| ૯ | „ શેઠ માણેકલાલ ચુનીલાલ | મુંબઇ |
| ૧૦ | „ કાંતિલાલ બકોરદાસ | „ |
| ૧૧ | „ નાનજીભાઇ લધાભાઈ | „ |
| ૧૨ | „ ચંદુલાલ ટી શાહ | „ |
| ૧૩ | „ રમણીકલાલ નાનચંદ | „ |
| ૧૪ | „ દલીચંદ પરશોતમદાસ | „ |
| ૧૫ | „ જીવતલાલ પ્રતાપશી | „ |
| ૧૬ | „ ખુશાલદાસ ખેંગારભાઈ | „ |
| ૧૭ | „ કાંતિલાલ જેસંગભાઇ | „ |
| ૧૮ | „ ચંદ્રકાન્ત ઉજમશી | „ |
| ૧૯ | „ લક્ષ્મીચંદ દુર્લભદાસ | „ |
| ૨૦ | „ કેશવલાલ લલ્લુભાઇ | અમદાવાદ |
| ૨૧ | „ ઓધવજીભાઈ ધનજીભાઈ | મુંબઈ |
| ૨૨ | „ મણીલાલ વનમાળીદાસ | કલકત્તા |
| ૨૩ | „ રમણલાલ દલસુખભાઇ | ખંભાત |
| ૨૪ | „ જમનાદાસ મોનજીભાઇ | મુંબઇ |
| ૨૫ | „ કસ્તુરભાઇ લાલભાઇ | અમદાવાદ |
| ૨૬ | „ પરશોતમદાસ મનસુખલાલ | મુંબઇ |
| ૨૭ | „ છોટાલાલ મગનલાલ | „ |
| ૨૮ | „ વલ્લભદાસ નેણશીભાઇ | મોરબી |
| ૨૯ | „ સક્કરચંદ મોતીલાલ | મુંબઇ |
| ૩૦ | „ પ્રાગજીભાઇ ઝવેરભાઇ | „ |
| ૩૧ | „ અમૃતલાલ ફુલચંદ | „ |
| ૩૨ | „ વનમાળીદાસ ઝવેરચંદ | „ |
| ૩૩ | „ ખીમચંદભાઈ મોતીચંદ | „ |
| ૩૪ | „ રમણલાલ જેસંગભાઇ | „ |
| ૩૫ | „ કેશવલાલ બુલાખીદાસ | „ |
| ૩૬ | „ ચીમનલાલ મગનલાલ | „ |
| ૩૭ | „ રતિલાલ ચત્રભુજ | „ |
| ૩૮ | „ પોપટલાલ ગીરધરલાલ | „ |
| ૩૯ | „ કાંતિલાલ હીરાલાલ | „ |
| ૪૦ | „ લાલભાઇ ભોગીલાલ | „ |
| ૪૧ | „ હરખચંદ વીરચંદ | „ |
| ૪૨ | „ ચંદુલાલ વર્ધમાન | „ |
| ૪૩ | „ લવજીભાઇ રાયચંદ | „ |
| ૪૪ | શ્રીમતિ પ્રભાવતીબેન હરખચંદ | „ |
| ૪૫ | શેઠ મનમોહનદાસ ગુલાબચંદ | મુંબઇ |
| ૪૬ | „ કાંતિલાલ રતિલાલ | સુરેન્દ્રનગર |
| ૪૭ | „ જયંતિલાલ રતનચંદ | મુંબઇ |
| ૪૮ | „ પાનાચંદભાઇ ડુંગરશી | „ |
| ૪૯ | શ્રીમતિ કમળાબેન કાંતિલાલ | „ |
| ૫૦ | શેઠ રમણલાલ નગીનદાસ | „ |
| ૫૧ | „ કપુરચંદ નેમચંદભાઇ | „ |
| ૫૨ | „ મંગળદાસ ગોપાળદાસ | „ |
| ૫૩ | „ રાયચંદભાઇ લલ્લુભાઇ | „ |
| ૫૪ | „ હરગોવનદાસ રામજીભાઇ | „ |
| ૫૫ | „ નવીનચંદ્ર છગનલાલ | „ |
| ૫૬ | „ શરદભાઇ જે. શાહ | „ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | |
|---|---|---|---|
| ૫૭ શેઠ તુલસીદાસ જગજીવનદાસ | મુંબઇ | ૭૪ શેઠ પ્રાણલાલભાઈ કે. દેશી | મુંબઈ |
| ૫૮ ,, નાનચંદભાઇ જુઠાભાઇ | ,, | ૭૫ ,, ખાન્તીલાલ લાલચંદ | ,, |
| ૫૯ ,, સૌભાગ્યચંદ નવલચંદ | ,, | ૭૬ ,, ચીમનલાલ ખીમચંદ | ,, |
| ૬૦ ,, ચંપકલાલ કરશનદાસ | કટક | ૭૭ ,, ભોગીલાલભાઈ જેઠાલાલ | ,, |
| ૬૧ ,, અમૃતલાલ ડાયાભાઇ | મુંબઇ | ૭૮ શ્રીમતિ કંચનબેન ભોગીલાલ | ,, |
| ૬૨ ,, મહીપતરાય વૃજલાલ | ,, | ૭૯ શેઠ જયંતભાઇ માવજીભાઇ | ,, |
| ૬૩ ,, પોપટલાલ નરોત્તમદાસ | ,, | ૮૦ ,, ખુબચંદ રતનચંદ | ,, |
| ૬૪ ,, ગુલાબચંદ લાલચંદ | ,, | ૮૧ ,, સવાઇલાલ કેશવલાલ | કલકત્તા |
| ૬૫ ,, મનુભાઈ વીરજીભાઈ | સુરત | ૮૨ ,, નંદલાલભાઇ રૂપચંદ | મુંબઇ |
| ૬૬ ,, ચંદુલાલ નગીનદાસ | મુંબઈ | ૮૩ ,, જાદવજીભાઇ લખમશી | હુબલી |
| ૬૭ ,, મુળજીભાઈ જગજીવનદાસ | ,, | ૮૪ ,, બાવચંદભાઇ મંગળજી | કટક |
| ૬૮ ,, ચુનીલાલ ઝવેરચંદ | ,, | ૮૫ ,, પોપટલાલ નરશીદાસ | મુંબઇ |
| ૬૯ ગં. સ્વ. લાડબાઈ મેઘજીભાઈ | ,, | ૮૬ ,, ફુલચંદભાઇ લીલાધાર | ,, |
| ૭૦ શેઠ સુખલાલ રાજપાળ | ,, | ૮૭ ,, જીવરાજભાઇ નરભેરામ | ,, |
| ૭૧ ,, સુંદરલાલ મૂળચંદ | ,, | ૮૮ ,, માણેકલાલ ઝવેરચંદ | ,, |
| ૭૨ ,, પ્રાણજીવનભાઈ રામચંદ | ,, | ૮૯ ,, પ્રાણલાલભાઈ મોહનલાલ | ,, |
| ૭૩ ,, શાંતિલાલ સુંદરજી | ,, | | |

## નાનુ સરખુ સંસ્કારી સાહિત્યનું પુસ્તકાલય

આપ જાણતા હશો કે, જૈન સાહિત્યના સર્જન અને પ્રચાર માટે, શ્રી જૈન આત્માનંદ સભા સીત્તેર વરસથી સુંદર પ્રચાર કરી રહેલ છે અને સંસ્કૃત તથા ગુજરાતી સાહિત્યના અમૂલ્ય ગ્રંથો પ્રગટ કરી તેણે દેશ–પરદેશમાં સારી નામના મેળવી છે.

આ સભાની સાહિત્યપ્રવૃત્તિને વેગ આપવા માટે ભારતભરના અગ્રગણ્ય સાહિત્ય પ્રેમીઓએ આ સભાના પેટ્રન થઇને સભાને પ્રોત્સાહિત કરેલ છે.

સભાના પેટ્રનોને આ તમામ પ્રકાશનો ભેટ તરીકે આપવામાં આવે છે એટલે તેમના ઘરે સંસ્કારી અમુલ્ય સાહિત્યનું એક નાનું સરખું પુસ્તકાલય બની રહે છે.

આપ આ સભાના પેટ્રન ન થયા હો તો સભાની જૈન સાહિત્યના પ્રચારની નોંધપાત્ર કાર્યવાહીમાં આપનો સહકાર આપવા માટે આ સભાના પેટ્રન બનો. વધુ વિગત માટે લખો:—

### જૈન આત્માનંદ સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રંથો

## સંસ્કૃત ગ્રંથો

| | |
|---|---|
| ૧ વસુદેવ હિણ્ડી–દ્વિતીય અંશ | ૧૦–૦૦ |
| ૨ બૃહત્કલ્પ સૂત્ર ભા. ૬ ઠ્ઠો | ૨૦–૦૦ |
| ૩ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત–મહાકાવ્યમ્ ભા. ૨, પર્વ ૨, ૩, ૪ (મૂળ સંસ્કૃત) પુસ્તકાકારે | ૧૨–૦૦ |
| ૪ ,, ,, પ્રતાકારે | ૧૫–૦૦ |
| ૫ દ્વાદશારં નયચક્ર ૧ | ૪૦–૦૦ |
| ૬ સમ્મતિતર્કમહાર્ણવાવતારિકા | ૧૫–૦૦ |
| ૭ તત્ત્વાર્થાધિગમસૂત્રમ્ | ૧૫–૦૦ |
| ૮ પ્રબંધપંચશતી | ૧૫–૦૦ |

*

## અંગ્રેજી ગ્રંથો

| | |
|---|---|
| **1 Anekantvada by H. Bhattacarya** | **3-00** |
| **2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth** | **35-00** |

*

## ગુજરાતી ગ્રંથો

| | |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૫–૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦–૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪–૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્ન ભા. ૨ | ૨–૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨–૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦–૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩–૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૦–૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૨–૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨–૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨–૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨–૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨–૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨–૦૦ |
| ૧૭ સ્યાદ્વાદ મંજરી | ૧૫–૦૦ |

*

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રીમંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક
૭૯

For Private And Personal Use Only